VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ‘નો પાર્કિંગ’ – આધુનિક જીવનના પડકારો અને માનવ સંઘર્ષનું સાહિત્યિક ચિત્રણ

**અફસાના એસ. માંજોઠી**

રિસર્ચ સ્કૉલર,
ગુજરાતી વિભાગ,
ભાષા-સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી.

## *સારાંશ*

*સતીશ વ્યાસ પાસેથી પ્રાપ્ત પ્રથમ એકાંકીસંગ્રહ ‘નો પાર્કિંગ’માં કુલ ૧૨ એકાંકી છે. જે સામાજિક, શૈક્ષણિક, નૈતિક અને આધુનિક જીવનપ્રવાહને કેન્દ્રમાં રાખીને લખવામાં આવી છે. આ એકાંકીઓ માનસિક અને જીવન સંબંધિત વિવિધ વિષયોને સાહસપૂર્વક રજૂ કરે છે. લેખકે પ્રાચીન કથાઓ અને સામકાલીન પરિસ્થિતિઓનું સંયોજન કરી, માનવજીવનના વિવિધ પાસાઓનું તટસ્થ દર્શન કરાવ્યું છે.*

*‘નો પાર્કિંગ’ શીર્ષક સાંભળતાં જ એક તદ્દન સામાન્ય સંકેતનો ભાસ થાય, પરંતુ આ એકાંકીસંગ્રહ માત્ર શારીરિક અવરોધો વિશે નહિ, પણ માનસિક, સામાજિક અને માનવીય અવરોધો વિશે પણ છે. તે જીવનમાં પાર્કિંગ(સ્થિરતા) માટે જે અવરોધો છે, તેને વ્યક્તિત્વના વિકાસ અને સ્વતંત્ર વિચારોની દૃષ્ટીએ વિસ્તૃત રીતે ચકાસે છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *આધુનિકતા, એકલતા, માનવ સંઘર્ષ, પ્રયોગશીલતા, વર્ગભેદ, જાતિભેદ*

## *પરિચય*

આધુનિક ગુજરાતી નાટ્યક્ષેત્રે બહુમુખી પ્રતિભા ધરાવનાર સતીશ વ્યાસના નાટકોએ આધુનિકતા અને વાસ્તવિકતાનું સફળ દર્શન કરાવ્યું છે. લેખકે આ એકાંકીસંગ્રહમાં ક્યાંક ક્યાંક પ્રાચીન કથાવસ્તુનો આધાર લીધો છે, પરંતુ તેમાં નિરૂપિત ઘટનાઓ અને પ્રશ્નો આધુનિક-સામ્પ્રત છે. સતીશ વ્યાસ પાસેથી એકાંકી, નાટક, વિવેચન અને સંપાદનના પુસ્તકો પ્રાપ્ત થાય છે. ઈ.સ.૧૯૮૪માં એમની પાસેથી પ્રથમ એકાંકીસંગ્રહ‘નો પાર્કિંગ’ પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ ‘તીડ’ અને ‘પૂતળીબાઇ’ એમ કુલ ત્રણ એકાંકીસંગ્રહ તેમણે આપ્યા છે. આ સિવાય ‘પશુપતિ’, ‘જળને પડદે’, ‘અંગુલિમાલ’, ‘કામરુ’, ‘ધૂળનો સૂરજ’, ‘મેં ગણદેવીનો ગલો’, ‘અમે અહીંથી નહીં જઈએ’, ’અરણ્યા’, ‘મન મગન હુઆ’, ’એક હતો રાજા’ અને ‘બાલ્કની’ એમ અગિયાર નાટકો તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત તેમની પાસેથી પંદર વિવેચનના પુસ્તકો તથા સોળ સંપાદન પુસ્તકો પ્રાપ્ત થાય છે.

## *હેતુ*

આધુનિક માનવીના આંતરિક સંઘર્ષ અને બાહ્ય પરિસ્થિતિઓ વચ્ચેના ટકરાવને રજૂ કરવો.

http://vidyajournal.org

શિક્ષણવ્યવસ્થા, સમાજમાં પ્રચલિત દંભ, કલારુચિ, નારી-સંબંધો, વર્ગભેદ અને આધુનિક સમાજની નિરર્થકતા પર આલોચનાત્મક દ્રષ્ટિ પ્રગટ કરવી.

એકલતા, વિમુખતા, શોષણ અને માનવસંબંધોની ઊંડાણભરી પરતોને પ્રકાશમાં લાવવી.

## મુખ્ય આલેખ

જેમાં પ્રથમ એકાંકી 'સુકર્ણ' છે. 'સુકર્ણ' એકાંકીમાં આધુનિક માણસના આંતરિક વ્યક્તિત્વના અને બાહ્ય દુન્વયી પરિસ્થિતિના ટકરાવનો દ્વંદ્વ દર્શાવવામાં આવ્યો છે. એકાંકીમાં નામ અ,બ,ક,ડ,ઇ જેવા નામ સૂચવે છે કે આ વાત કોઈ પણ એકની નથી પણ આખા માનવસમાજની હોઈ શકે છે. મુખ્યપાત્ર 'અ' છે જે ઓફિસથી થાકીને ઘરે આવે છે અને એને અચાનક કાનમાં સામાન્ય અવાજો પણ કાનમાં મોટા ભારે અવાજો સંભળાવવાના શરૂ થઇ જાય છે. 'અ'ને દૂરથી જ્વળામુખી ફાટવાનો અવાજ સંભળાય છે, ત્યારે જ એનો દીકરો જાપાનમાં જ્વાળામુખી ફાટવાના સમાચાર આપે છે અને પિતાની આંતરશક્તિનો(સિક્સ્થસેન્સ) વિકાસ થયાનું જણાવે છે. તેની પત્ની ડોક્ટરને બોલાવે છે ડોક્ટર 'ડ' આવીને તપાસ કરે છે એને કંઈ ન સમજાતા એ મોટા ડોક્ટર 'ઈ' ને બોલાવવાનું કહે છે. ડોક્ટર આવીને તપાસ કરે છે અને ઓપરેશન કરાવવાની સલાહ આપે છે પરંતુ 'અ'ને અચાનક એ ઘોંઘાટના અવાજમાંથી સુમધુર સંગીત સંભળાય છે અને તે આનંદ વ્યક્ત કરે છે. આ એકાંકી સામ્પ્રત સમયમાં માનવને બહારની દુનિયાની પરિસ્થિતિ ગમે એટલી કપરી થઇ પડે એનાથી લડવા માણસ પોતાની આંતરશક્તિઓનો ઉપયોગ કરે તો ગમે એવી પરિસ્થિતિમાં આંનદ પ્રાપ્ત કરી શકે છે.

'અન્યનું તો એક વાંકુ' શિક્ષણ અને વાસ્તવને સાંકળનારું એકાંકી છે જે આપણા સામ્પ્રત સમયના શિક્ષણ અને શિક્ષણપદ્ધતિ પર કટાક્ષ કરે છે. આ એકાંકીમાં કુલ આઠ પાત્રો છે. આ પાત્રોમાં ટીમી સિવાયના બધા સામ્પ્રત સમયની ખોખલી માનવસભ્યતાને પ્રગટ કરે છે, એમની ભાષામાં દંભ અને આડમ્બર છતો થાય છે. આ એકાંકીમાં લેખકે દલપતરામની જાણીતી કવિતા 'ઊંટ કહે આ સભામાં'ની કેટલીક પંક્તિઓનો ઉપયોગ કર્યો છે. ટીમી બાલ્કનીની બહાર ઝાડની નીચે ઊભેલા ઊંટને જોઈ 'આ પ્રાણી કયું?' એવા સહજ પ્રશ્નનો જવાબ આપવા માટે મમ્મી, પપ્પા ,ભાઈ, ઝૂઓલોજીમાં ભણનાર બહેન, દાદાજી, શિક્ષિકા તેમજ પંડિતજી અસમર્થ છે. અહીં કુતૂહલતાથી પુછાયેલા પ્રશ્ન પછી પરિવારના દરેક સદસ્યોનું અપૂરતું જ્ઞાન છતું થયા વિના રહેતું નથી. ઊંટને જાનવર, જિરાફ, ક્રીચર, એસ્તોનિશિંગ જેવા વિવિધ નામોથી સંબોધીને એની અસલી ઓળખને ન ઓળખી શકનાર બૌદ્ધિકો પર કટાક્ષ કર્યો છે. આ એકાંકીમાં સામ્પ્રત શિક્ષણની સમસ્યા વેધકતાથી આલેખાઈ છે. આ એકાંકી આજના યંત્રયુગીન સમયમાં પુસ્તકિયા જ્ઞાનનો, માહિતીનો ભંડાર બનતાં સમાજ પર ,વ્યવહાર અને વાસ્તવિક જ્ઞાનની સમજ ન ધરાવતાં બૌદ્ધિકો પર કટાક્ષ કર્યો છે. સામ્પ્રત સમાજમાં ઔપચારિક શિક્ષણ મેળવવા માટે દોડતો માણસ સાચા શિક્ષણની સમજથી વંચિત રહેલો જોવા મળે છે.

'ભિનરુચેર્જનસ્ય' એટલે ભિન્ન ભિન્ન રૂચિના લોકો. આ એકાંકીનું શીર્ષક લેખકે એક સંસ્કૃત શ્લોકમાંથી પસંદ કર્યું છે. એકાંકીમાં કુલ સાત પાત્રો છે. એકાંકીની અંદર જ 'આપણે ભૂખ તો ભૂલ્યા નથી' નાટક ભજવાય છે. અહીં નાટકની અંદર નાટક ભજવાતું હોવાથી આ એકાંકી પ્રયોગશીલ બની રહે છે. એકાંકી અંદર ભજવાતા નાટકમાં મંચ પર સ્ત્રી-પુરુષ પ્રવશે છે અને 'શા માટે આવ્યા?' જેવા એકના એક સંદર્ભહીન સંવાદો રજુ કરે છે, તેથી પેક્ષકગૃહમાં બેઠેલા પ્રેક્ષકો ઉશ્કેરાય છે. એક પ્રેક્ષક નૃત્ય, બીજો ફિલ્મી ગીત તો ત્રીજો પરંપરાગત દુહા પ્રસ્તુત કરવાની વાત કરે છે અને અંદરોઅંદર મતભેદ થાય છે; અંતે પ્રેક્ષકો દિગ્દર્શક પાસેથી પૈસા પાછા માંગે છે ત્યારે દિગ્દર્શક ગુંડાઓને બોલાવી સહુને ફરજિયાત નાટક જોવા માટે મજબૂર કરે છે. અહીં સર્જકે રમૂજ ભર્યા સંવાદો વચ્ચે આપણી સામ્પ્રત સમયમાં તળિયે જઈને બેસી ગયેલી કલારુચિ માટે ચિંતા પ્રગટ કરી છે. આજના આધુનિક સમયમાં ભિન્ન-ભિન્ન રુચિ ધરાવતા લોકોની અપેક્ષાઓ પર અને સામ્પ્રત સમયમાં નાટકોની પ્રયોગશીલતા પર કટાક્ષ કર્યો છે. આ ઉપરાંત કલારસિકોનો આજના સમયે દુકાળ પ્રવર્તે છે તેમ કલાકારોનો પણ દુકાળ પ્રવર્તે છે, તે બાબત લેખક દર્શાવવા માંગતા હોય તેમ જણાય છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

'અમે અહીંથી નહીં જઈએ' એકાંકીમાં જગતરૂપી દીવાલો વગરના ખાડામાં સાવ અચાનક ટપકી પડેલી યુવતી આરંભમાં તો 'આવા ગંદા ખાડામાં નહીં રહી શકાય' એમ કહી બહાર નીકળવાની ઘણી મથામણો કરે છે; પરંતુ છેવટે તે યુવતીને એક યુવકનો સહવાસ મળી રહેતાં આખી ગંદી અને પ્રતિકૂળ પરિસ્થિતિ તેમજ નરક જેવી લાગતી જગ્યાનો પણ સ્વાભાવિકતાથી સ્વીકાર કરી લે છે. ત્યાં એને બધું સ્વર્ગ જેવું લાગવા માંડે છે. ત્યાં અચાનક એક દિવસ યમદૂત સમો મુકાદમ જગ્યા ખાલી કરવાનો આદેશ આપે છે. પરંતુ યુવતી તો તે ખાડામાંથી બહાર નીકળવા તૈયાર થતી નથી. આ આખી એકાંકીમાં માનવીની આપદસ્થિતિ સાથે અનુકૂળ થઇ જવાની મનોવૃત્તિ લેખક પ્રગટ થતી દર્શાવે છે. અહીં જેમાંથી કયારેય બહાર નીકળી ન શકાય એવો ઉકરડા જેવો પહોળો અને ઊંડો ખાડો આજના પ્રદૂષિત યંત્રયુગીન માનવજીવનનો સૂચક છે. નાટકમાં આવતા યુવક અને યુવતીના પાત્રો માનવજાતિનું પ્રતિનિધિત્વ કરનારા છે. આ એકાંકીમાં આજની કોહવાઈ ગયેલી પ્રદૂષિત જિંદગીના તેમજ સામ્પ્રત સમયના અનેક સામાજિક પ્રશ્નોનો પડઘો પણ અહીં વર્તાય છે.

'નો પાર્કિંગ' એકાંકીમાં જીવવાનું પ્રયોજન શોધતા નિમ્ન મધ્યમવર્ગના બે યુવાનોની વાત છે. એક યુવાન ચોરસ ચોકઠામાં છે જે સતત કૂદયા કરે છે. બીજો યુવાન વર્તુળમાં છે જે સતત દોડ્યા કરે છે. ચોરસમાંનો યુવાન છાપખાનામાં કમ્પોઝિટર છે તો બીજો વર્તુળવાળો યુવાન સર્ક્યુલર બસમાં ડ્રાઈવરની નોકરી કરે છે. આ બન્ને યુવાનો નોકરીની એકવિધતાથી કંટાળેલા છે અને પોતાની પાસે જે છે તેનાથી વિરુદ્ધ તેઓ કંઈક વિશેષ પામવા ઈચ્છે છે; તેથી બન્ને સતત મથામણ કર્યા કરે છે. બન્ને પોતાના સ્થાનની અદલાબદલી કરે છે. તેમને થોડાક સમય માટે સારું લાગે છે પણ ફરી એ જ એકની એક ગતિથી તેઓ કંટાળે છે અને પોતાના મૂળ સ્થાનને યાદ કરે છે. સાવ સામાન્ય રીતે રજૂ થતું આ એકાંકી માનવનિયતિની વાત કરે છે આજના યંત્રયુગીન સમયની ચોકઠાબદ્ધ જીવન એ માનવમાત્રની નિયતિ છે. માણસ ગમે તેટલા પ્રયાસો કરે છતાં એમાંથી બહાર નીકળી શકતો નથી; એ નગ્ન સત્ય પર પ્રકાશ પાડતું આ એકાંકી થોડામાં ઘણું કહી જાય છે.

'પેન્ક્રીઆટીસ્ટ' એ સામ્પ્રત માનવી પાસે સમયનો અભાવ કે જીવનની દોડમાં આગળ નીકળવાની હોડ અને પોતાની જવાબદારીમાંથી ભાગવાની છટકબારી શોધતા જનસમુદાયને અભિવ્યક્ત કરતું એકાંકી છે. આ એકાંકીમાં આઠ પાત્રો છે. જેમના નામની જગ્યાએ સર્જકે ૧,૨,૩,૪,૫,૬, એવી સંખ્યા આપી છે. જે સમગ્ર જનસમુદાયના સૂચક છે. એકાંકીમાં બેસણાનું દૃશ્ય છે. ખુરશી પર મૂકેલા મૃત વ્યક્તિના ફોટાની નજીક બે સ્ત્રીઓ બેઠી છે અને બહારથી મળવા આવેલી સ્ત્રીઓ સાથે ઔપચારિક વાતો કરે છે. અહીં પુરુષને થયેલા 'પેન્ક્રીઆટીસ્ટ' નામના રોગના સંદર્ભે શરૂ થયેલી વાત અભિનેત્રી નરગીસ, સુનિલ દત્ત, રેખા, અમિતાભ એમ સિનેમાના કલાકારો સુધી વિસ્તરે છે. અંતે પોતપોતાના અધૂરા કાર્યો યાદ આવતા બધી સ્ત્રીઓ રજા લઈને નીકળી જાય છે. સર્જકે અહીં આજના માનવીની લાગણી, સંવેદના, ફરજ, મૂલ્ય જેવી બાબતોનો છેદ ઊડતો બતાવ્યો છે. અહીં મૃત્યુ પામનાર વ્યક્તિ દેહથી તો મૃત્યુ પામ્યો છે પરંતુ, લોકોના મનમાંથી મરણ પામ્યો છે. પરિવારના લોકોના 'અમને શી ખબર...?' જેવા વિધાનો પારિવારિક મૂલ્યોનો નાશ પ્રગટ કરે છે. આ ઉપરાંત આજના સમયમાં ફિલ્મીપાત્રો સમાજજીવન પર કેટલી ઊંડી અસર કરે છે એનો નિર્દેશ આ એકાંકીમાં જોવા મળે છે.

'એકલવ્ય' એકાંકી બે રીતે ધ્યાનપાત્ર બની રહ્યું છે. એક તો લેખક અહીં પુરાકલ્પનનો ઉપયોગ કરે છે અને બીજું એ કે લેખકે આ એકાંકીમાં પદ્યનો ઉપયોગ કર્યો છે, એ રીતે આ એક પદ્યનાટક છે તેમ કહી શકાય. 'એકલવ્ય'ની કથા મહાભારતની અતિ પ્રચલિત વાર્તા છે. શૂદ્ર જાતિનો હોવાથી શિક્ષણથી વંચિત એકલવ્ય દ્રોણની મૂર્તિ બનાવીને જાતે અભ્યાસ કરીને ધનુવિદ્યા પ્રાપ્ત કરે છે. દ્રોણને જયારે જાણ થાય છે ત્યારે અર્જુનને શ્રેષ્ઠ સાબિત કરવા માટે ગુરુદક્ષિણામાં તેઓ એકલવ્યનો અંગૂઠો માંગે છે. એકલવ્ય રોષે ભરાઈ અંગૂઠો કાપીને આપી દે છે. અહીં સર્જકે પુરાકલ્પનનો ઉપયોગ કરીને સામ્પ્રતમાં ચાલતા જાતિભેદ, વર્ગભેદ, રાજકારણ, ધર્મ, અર્થ જેવી સમસ્યાઓને વાચા આપવાનો સફળ પ્રયત્ન કર્યો છે. એકલવ્ય જેવા નિમ્નજાતિના લોકોની દશા કે અવદશા માટે કારણભૂત બનતા સમાજને પ્રસ્તુત કરવામાં આવ્યો છે. એકલવ્ય જેવા વ્યક્તિઓએ અનુભવવા પડતા અવગણના અને અપમાનમાંથી ઉભરતા સંઘર્ષ-આક્રોશની સ્થિતિને વ્યક્ત કરી સર્જક ઘણું બધું સૂચક રીતે આલેખી જાય છે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

‘આમ જ...’ એકાંકીમાં પણ એકલવ્યની જેમ જ વર્ગભેદ-જાતિભેદ ને વિષય તરીકે આલેખીને લેખકે સામ્પ્રત સમાજને રજૂ કર્યો છે. ઉચ્ચવર્ગના લોકો નિમ્નવર્ગના લોકો પ્રત્યેના ભેદભાવ, અવગણનાને ‘આમ જ...’ એકાંકીમાં રજૂ કરવામાં આવ્યું છે. સમાજસુધારાના નામે મહિલામંડળ ચલાવનાર સ્ત્રીઓ દ્વારા કેવા ધતિંગો કરવામાં આવે છે એના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. મનોરમા, શ્વેતા, હીના, માર્ગી અને નીલા જેવી ઉચ્ચવર્ગની સ્ત્રીઓની વાતોમાંથી નિમ્નવર્ગની જીવી પ્રત્યેનો અણગમો સતત દેખાઈ આવે છે. પરંતુ સરકારની સહાય મેળવવા માટે નિમ્નવર્ગના લોકો મંડળમાં સમાવવા જરૂરી છે. જીવી જેવા લોકો ખરેખર પોતાના વિસ્તાર માટે કંઇક સારું કરવા ઈચ્છે છે પરંતુ સંસ્થાની બધી સ્ત્રીઓ એને ધૃણાની નજરે જુએ છે. જીવી પોતાના વિસ્તારમાં સફાઈ માટેનો ઠરાવ પસાર ન થતાં રાજીનામું આપી દેવાની વાત કરે છે, ત્યારે અધ્યક્ષ મનોરમા ચાલાકીથી જીવીની ગરીબીને નિશાન બનાવી એને ભોળવી લે છે. આમ, આ એકાંકી એક સાથે સામાજિક વિષમતા, કુટિલ રાજનીતિ અને કહેવાતા ઉચ્ચ વર્ગનો સામાજિક દંભ આપણી સામે ઉજાગર કરે છે. આ એકાંકી સફેદ વસ્ત્રોમાં સજ્જ ઉચ્ચવર્ગ મનનો કેવો મેલો છે એની પ્રતીતિ કરાવે છે.

‘બે કાંઠે ભરપૂર’ શરૂઆતમાં રમૂજી લાગતું એકાંકી આગળ જતા સ્ત્રીના આંતર-બાહ્ય જગતના ઊંડા પડઘા પાડે છે. આ એકાંકી લગ્નેતર સંબંધનું વિષયવસ્તુ લઈને આવે છે. પાંચ દૃશ્યોમાં વિભાજિત આ એકાંકીમાં ત્રણ પાત્રો છે. અનાર ગૌરાંગને ચાહે છે અને બિહારીલાલ એની વાસનાને સંતોષે છે. આ બન્નેમાંથી અનાર એકને પણ મૂકી શકતી નથી. અનાર ગૌરાંગ અને બિહારી રૂપી બે કાંઠે વહેતી નદીની જેમ વહેતી રહે છે. આ એકાંકીમાં સંબંધોમાં સમર્પણ, પ્રેમ અને વાસના ઝિલાયેલી અનુભવાય છે.

‘અવકાશ’ એકાંકીમાં પતિની વિમુખતા અને નિ:સંતાનપણું નાયિકાની માનસિક સ્થિતિની અસ્થિરતાના પરિબળરૂપે કામ કરતાં દર્શાવી છે. નાયિકાના અસ્તિત્વની નિરર્થકતાનો આક્રોશ, ઢીંગલીના લીરેલીરા ઉડાવવામાં કે રમકડાં વેરવિખેર કરવામાં અને ફરી ગોઠવવાના કાર્ય દ્વારા બરાબર પ્રગટ્યું છે.

‘સરહદની એક સાંજ’ એકાંકી ત્રણ દૃશ્યોમાં વિભાજિત છે. આ એકાંકી સૈનિકના જીવનના ભીતરનું સત્ય પ્રગટ કરે છે. સૈનિકોના અંગત જીવન, પરિવાર, બાળકોના ભવિષ્ય જેવા વિવિધ પ્રશ્નોને આ એકાંકી પ્રસ્તુત કરે છે. સ્ત્રીની બેવફાઈ, પુરુષનું લાગણીહીન થવું તેમજ યુદ્ધના સમયે સરહદ પર સૈનિકોનું જીવન - જેવા અનેક પાસાઓ સર્જક આ એકાંકીમાં ઉજાગર કરે છે.

‘નેજવાની છાય તળે’ વૃદ્ધોની અવદશા અને એમના જીવનની કરુણતાને કેન્દ્રમાં રાખી ને લખાયેલું એકાંકી છે. જે સામ્પ્રત સમયના સમાજનું કરુણ ચિત્ર ઉપસાવી આપે છે. આ એકાંકીમાં એક વૃદ્ધ દંપતિના જીવનની એકલતાની ક્ષણો આલેખાઈ છે. એકાંકીમાં ત્રણ દૃશ્યો અને બે જ પાત્રો છે. એક વૃદ્ધ પુરુષ અને એની વૃદ્ધ પત્ની રોજ માટે સમયપત્રક બનાવીને એ પ્રમાણે સમય પસાર કરી રહ્યા છે. એકલતા દૂર કરવા માટે સતત નવા પ્રયાસ કરતા રહે છે. અંતે એકબીજાના સહવાસ વિના જીવવાનું દુષ્કર લગતા આત્મહત્યા કરવાનો નિર્ણય લે છે. એકાંકીમાં જીવનની સૌથી કપરી વૃદ્ધાવસ્થામાં વૃદ્ધોની મનોવ્યથા, એકલતા, સંતાનો દ્વારા તિરસ્કૃત દશાને આલેખીને સમાજમાં પ્રવર્તિત વિષમતાને પ્રદર્શિત કરી છે .

## ઉપસંહાર

સતીશ વ્યાસની એકાંકીઓ માત્ર મનોરંજન માટે નહીં, પણ પ્રેક્ષકો અને વાચકોને વિચારતા કરવા માટે લખાયેલી છે. ‘નો પાર્કિંગ’ સંગ્રહમાં સંવેદનાત્મક વિષયો, આધુનિક જીવનના ગૂઢ પાસાઓ અને સામાજિક વિચારોનું મૂલ્યવાન ચિત્રણ જોવા મળે છે. લેખક પ્રયોગશીલ અભિવ્યક્તિ, સંવાદની અસરકારકતા અને દૃશ્યલક્ષી પ્રસ્તુતિ દ્વારા એકાંકીમાં જીવનનું તત્વજ્ઞાન ઊંડાણપૂર્વક રજૂ કરે છે. આધુનિક સમાજમાં ઊભી થતી સમસ્યાઓ, યાંત્રિક જીવનશૈલી, કલાસંકટ, સંસ્કૃતિની વિસ્મૃતિ અને નાતજાત ભેદ જેવ મુદ્દાઓને રજૂ કરીને લેખકે સામાજિક દર્પણ પ્રગટ કર્યો છે. આમ, ‘નો પાર્કિંગ’ એક

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

શોષણશીલ, સંવેદનશીલ અને આધુનિક દ્રષ્ટિથી લખાયેલું એકાંકીસંગ્રહ છે, જે ગુજરાતી નાટ્ય સાહિત્યમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

## સંદર્ભ

1. ‘નો પાર્કિંગ’, વ્યાસ સતીશ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. -૧૯૮૪
2. ‘સમગ્ર એકાંકી’, પટેલ ચીમનભાઈ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. -૨૦૨૩